તારાંકિત પ્રશ્ન ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1194

વિષય:

ડાંગ જિલ્લામાં ચાલતી સિઝનલ હોસ્ટેલોમાં થતી ગેરરીતિઓની ફરિયાદ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 12/01/2024 | તારીખ 06/02/2024 | 19/01/2024 |

*15/4/1194 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા)

પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ જણાવવા કૃપા કરશે કે:-

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૭/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૧૮૦ (અગ્રતા-૧૦૩) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્ય સરકારને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ડાંગ જિલ્લામાં કાર્યરત સિઝનલ હોસ્ટેલોમાં ભૂતિયા વિદ્યાર્થીઓ બાબતે ત્રણ ફરિયાદો અન્વયે સમગ્ર શિક્ષા દ્વારા તપાસ કમિટી નીમી તપાસ સોંપવામાં આવેલ તે તપાસ ક્યારે, કોને, કેટલા સમયમાં અહેવાલ સુપ્રત કરવાની શરતે સોંપવામાં આવેલ,

(૨) તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે અહેવાલ મળેલ છે, અને

(૩) મળેલ અહેવાલ અન્વયે કેટલા ભૂતિયા વિદ્યાર્થીઓ ક્યારથી હોવાનું સામે આવ્યું અને તે સબબ કયા જવાબદારો સામે શાં પગલાં લીધા?

----